# અગરીયા હિતરક્ષક મંચ

# કામગીરીનો અહેવાલ

બી -૩, સહજાનંદ ટાવર, જીવરાજ પાર્ક ચાર રસ્તા, અમદાવાદ – ૩૮૦૦૫૧ ; ગુજરાત

ahrmgujarat@gmail.com; www.saltpanworker.blogspot.com

## પ્રસ્તાવના:

જનપથ અને અગરિયા હિતરક્ષક મંચ છેલ્લા દોઢ દાયકાથી અગરિયા સમુદાયના સશક્તિકરણ અને વિકાસ ના કામોમાં જોડાયેલ છે. વર્કિંગ ગ્રુપ (કાર્યકારી જૂથ) ના સ્વરૂપમાં જનપથમાં શરુ થયેલ આ પ્રયાસો આજે અગરિયા હિતરક્ષક મંચ તરીકે એક સ્વતંત્ર ઓળખ ધરાવે છે.

કચ્છના નાના રણમાં ૮૦૦૦ જેટલા અગરિયા પરિવારો સ્થળાંતર કરી આઠ મહિનામાટે ત્યાજ રહીને મીઠું પકવે છે. આ સમુદાય નું ભયંકર શોષણ થાય છે. તેમજ સરકારના વિવિધ કાર્યક્રમોમાંથી સ્થળાંતરિત જગ્યાએ હોવાના લીધે ઓટોમેટીક બહાર રહી જાય છે. આ પરિસ્થિતિ તેમનું જીવન ખુબજ દુષ્કર બનાવે છે.

અગરિયા હિતરક્ષક મંચ તરીકે આપણે હંમેશ સમુદાયને સશક્ત કરવા, માહિતગાર કરવાના પ્રયત્નો કર્યા. તેમનામાંથી આગેવાની ઉભી થઇ. લગભગ ૧૫૦ ઉપરાંત એવા અગરિયા આગેવાન આજે સરકારની સેવાઓનું આયોજન અને મોનીટરીંગમાં જોડાયેલ છે. હાલમાં મંચ તરફથી નીચે મુજબના પ્રયાસો/કાર્યકમો ચાલે છે.

## રણ શાળા કાર્યકમ

રણ માં 8 મહિનાસુધી હજારો પરિવારો રહે છે, તે દરમ્યાન તેમના બાળકોનું શીક્ષણ છૂટી ન જાય તે હેતુથી રણ શાળા કાર્યક્રમ અમલમાં છે. આખા રણમાં 26 રણશાળાઓ ચાલે છે, તેમાં 1000 જેટલા બાળકો ભણે છે. મંચ ના ઘણા પ્રયત્નો બાદ હવે આ નિશાળો સર્વ શિક્ષા અભિયાને અપનાવી લીધા છે. તેમ છ્તાં નિશાળ માટેનો તંબુ, શૈક્ષણિક સાહિત્ય, રમવા માટેના સાધનો વગેરે મદદ મંચ દાતાઓના સહયોગ થી કરે છે. આ વર્ષે શિક્ષણ ના પ્રશ્ને અમે મોટી સફળતા મળી. શિક્ષણ વિભાગે રણની અંદર હાલતી હંગામી નિશાળોની સંપૂર્ણ જવાબદારી સ્વીકારી. ફરજીયાત પ્રાથમિક શિક્ષણ ધારાની જોગવાઈ અનુસાર કામના સ્થળે નિશાળ, અને મધ્યાન ભોજન, તાલીમ પામેલા શિક્ષક અંગે સરકારે વિચારવું પડ્યું. અત્યારસુધી રણ શાળાઓ માં બાળદોસ્ત (સમુદાયના ટીચર) ભણાવતા. આ વર્ષે મુખ્ય પ્રવાહની નિશાળ ની જેમ અહી સરકારી શિક્ષકો ભણાવવા માટે આવે છે.

અત્યારસુધી રણ શાળા તંબુમાં ચાલતી હતી. ઘણા વર્ષોથી સરકારના સર્વશિક્ષા વિભાગ, કે જેમને આ કામ સોંપ્યું હતું તેમની પાસે બજેટ ન હોવાથી અગરિયા હિતરક્ષક મંચ અને જનપથ સતત ટેકો કરતા રહ્યા છે. આ વર્ષે આપણે મંત્રીશ્રીને કરેલી રજૂઆત ના પરિણામે એસ.ટી વિભાગ તરફથી જૂની બસોને મોડીફાય કરીને તે સ્માર્ટ ક્લાસ તરીકે બનાવી રણમાં રણ શાળા ની જગ્યાએ આઠ મહિના માટે મુકવાનો નિર્ણય લેવાયો. એક બસ બની પણ ગઈ અને બીજા બસ એકાદ મહિનામાં બનશે.

રણ માટે અલાયદા મધ્યાન ભોજન સંચાલંકની નિમણુંક અંગે આખી પ્રક્રિયા કરવામાટે મંજુરી મળી. જેથી  કરીને બાળકોને દરરોજ તાજું રાંધેલું જમવા મળે. અત્યારે તમામ રણ શાળાઓમાં

બાળકો બપોરે ગરમ ગરમ તાજું બનાવેલું જમવાનું મળે છે. આ એક ખુબ મોટી સિદ્ધિ છે. કારણ હવે રણશાળાઓમાં સંખ્યા વધી છે. બાળકો નિયમિત આવે છે.

આ રણશાળાઓ માં અગરીયા હિતરક્ષક મંચ તરીકે "ડિજિટલ લર્નિંગ " નો પ્રયોગ શરૂ કર્યો છે. તેમાં અમારા કાર્યકરો ટેબલેટ દ્વારા બાળકોને ભણવાનું મજાનું અને ભારવિનાનું લાગે તે માટે વિડીયો, અને સોફ્વેર થકી જુદા જુદા વિષયો સાથે તેમનો પરિચય કરાવે છે.

## હોસ્ટેલ સુવિધા

મંચ તરફથી વારંવાર રજૂઆત કરવામાં આવતા સરકારે કુલ 7 હોસ્ટેલો મંજૂર કરી. તેમાથી 4 શરૂ થઈ ગઈ છે. અગરીયાના 5 ધોરણ ઉપરના બાળકો રણમાં સ્થળાંતર કરવાના બદલે હોસ્ટેલમાં રહી તેમની ગામની નિશાળમાં જવાનું શરૂ રાખે અને તેમણે ગુણવત્તા સભર શિક્ષણ મળે તે હવે શક્ય બન્યું છે. સાંતલપુર તાલુકામાં 2 અને ખારાગોઢા, અને હળવદ તાલુકામાં 2 આમ ચાર હોસ્ટેલ હાલમાં કાર્યરત છે.

તેની સાથે સાથે મંચ ની રજૂઆત થી રણ ના કાંધિએ આવેલ લગભગ 30 જેટલી નિશાળો ને મંચ ના રજૂઆત અને દરખાસ્ત થી લાયબ્રરી, પ્રયોગશાળા વગેરે ટેકો રાજ્ય સરકારના "એમ્પ્વાવર્ડ કમિટી ફંડમાથી ટેકો મળ્યો છે.

## સોલર વોટર પંપ યોજના

બીજી મોટી સફળતા "સોલાર વોટર પંપ  યોજના" બનાવવામાં મળી. ઘણા વખત થી વિકાસ સંસ્થાના સહયોગથી રણમાં સોલારવોટર પંપ ના પ્રયોગો ચાલે છે. લધ્ભાગ ૫ વર્ષના મેહનત બાદ રણમાં ચાલે અને અગરિયાઓની જરૂરિયાત મુજબ ૧ લાખ લીટર જેટલું પાણી કાઢે તેવો પંપ બનાવ્યો છે. શરૂઆત માં મિત્રો, સાથીઓ માંથી પૈસા ભેગા કરીને અગરિયાઓને લોનથી સોલાર પંપ આપ્યા. લોકોએ ધીમે ધીમે કરીને પૈસા પાછા ચૂકવ્યા આ અનુભવોની વાત અવર નવાર એમ્પાવર્ડ કમિટી માં રજૂઆત કરી અને સરકાર પાસેથી આવી યોજનાની માંગ કરી. છેવટે ગયા વર્ષે ૩૦૦ કરોડ બજેટસાથેની "સોલાર વોટર પંપ સીસ્ટમ' યોજના બની. તેમાં ૮૦% સબસીડીય રાજ્ય અને કેનરા સરકાર આપશે અને માત્ર ૨૦% અગરિયા એ જાતે કાઢવાનું છે.

હાલમાં આ યોજના અંતર્ગત ૪૦૦ ઉપરાંત અગરિયાઓ ને સોલાર પંપ સીસ્ટમ લીધા છે. અગરિયા હિતરક્ષક મંચ ના ટીમ મેમ્બર, અને આગેવાનો આ તમામ પ્રક્રિયામાં નિર્ણય કરનાર સમિતિનો હિસ્સો છે. દા. ત. સોલાર પંપ સીસ્ટમ  પાટા પર કાર્યરત છે કે કેમ તે જે સ્પેસીફીકેશન મુજબના છે કે નહિ, વગેરે ચકાસવાની સમિતિમાં અગર્યા આગેવાન અને ટીમ મેમ્બર સભ્ય છે. જેથી કરીને જે મુશ્કેલીઓ નડે છે તે સામે આવતા જાય છે.

૨૦% રકમ પણ ઘણી વધુ લાગે એટલે તે માટે SBI અને અન્ય બેંકો માંથી લોનની સગવડ પણ કરી દીધી છે.

સોલાર પંપ મળવાથી અગરિયાના વર્ષે ૬૦ થી ૭૦ હજાર રૂ. ડીઝલમાં બચે છે. માર્ચ મહિનામાં વ્યાપારી મીઠું લઇ જાય ત્યાર બાદ થોડું વધારાનું મીઠું પકવી લે છે. અગાઉ આવું કરવામ માટે વ્યાપારી ડીઝલની રકમ આપતા ન હતા. આ વધારાનું મીઠું સંપૂર્ણપણે પોતાનું હોવાથી તે પૈસા તેમના નફા તરીકે જોઈ શકાય. સોલાર પંપ ચાલુ કર્યા બાદ ત્યાં કોઈકે હાજર રહેવું પડતું નથી. જે ડીઝલ પંપ માં ફરજીયાત છે, નહિ તો ઘણી વાર પંપ બળી જાય. હવે દંતાળાનું કામ કર્યા બાદ અગરિયા પતિ પત્ની  તેમના સામાજિક પ્રસંગમાં જઈ શકે. આવનારા દિવસોમાં કદાચ કેટલાક વિસ્તારોમાં આઠ મહિનાવસવાટ કરવાની પદ્ધતિમાં પણ ફેરફાર આવે તેવી શક્યતા છે. ઓટોમેટીક સુર્યકીરણો તરફ ફરતી સોલાર પેનલ હોય તો અગરિયાઓ દરોરજ જઈ અને દંતાળો કરીને પાછા આવે. રણની ગરમી, ઠંડી થી બચી શકે. અને બાળકોનું ભણતર પણ બગાડે નહિ. આ યોજના અગરિયાના આર્થિક અને સામાજિક વિકાસ માં ખુબજ મહત્વની ભૂમિકા બજાવશે. વિકાસ અને અગરિયા હિતરક્ષક મંચની ભૂમિકા અગરિયાઓ સુધી સોલાર ટેકનોલોજી વિશે સાચી માહિતી પહોંચાડવાનું, તેમને આ ટેકનોલોજી માટે તૈયાર કરવાની પણ રહી છે.

## કલ્યાણકારી યોજનાઓ સુધી અગરિયાઓની પહોંચ વધારવી

અગરિયા પરિવારોને જુદી જુદી યોજનાઓ સાથે જોડાવાનું કામ આપણે સતત કરતાં રહીએ છીએ. સાધન સહાય યોજના, પેન્શન યોજનાઓ, આરોગ્ય વીમા યોજનાઓ વગેરે માં જોડાવવા માટે યોજનાની માહિતી હોતી નથી, તેનું ફોર્મ ક્યાંથી લાવવું તે ખબર હોતી નથી. ફોર્મ મળે તો તેમાં જરૂરી દસ્તાવેજો મેળવવા ઘણી મુશ્કેલી પડે. મંચ તરફથી આ તમામ યોજનાઓની માહિતી લોકોસુધી આપમેળે પહોંચે તે માટે ખુબપ પ્રયાસો કર્યા. જે તે વિભાગના અધિકારીઓ, કર્મચારીઓ ને રણ માં લઇ જઈ લોકોને માર્ગદર્શન પૂરું પાડ્યું. તેનાથી એક ફાયદો એ થયો કે અધિકારીઓ અગરિયાઓની હકીકત થી વાકેફ થયા. અને ઘણા સંવેદનશીલ બન્યા. અગરિયા બહુહેતુક કેન્દ્ર પર આ યોજનાઓના સામુહિક અરજીઓ થાય, અને તમામ લોકોને આવી લેવાય તે રીતનું આયોજન ફિલ્ડ ના ફેલો કાર્યકર્તાઓએ ગોઠવ્યું. માં અમૃતમ કાર્ડ સાથે આ સીઝન દરમ્યાન ૪૦૦૦ ઉપરાંત પરિવારોને સાંકળ્યા.બીજી ઘણી નાની નાની યોજનાઓ માં થયેલ કામગીરી જોઈએ તો ૬૫૦૦ ઉપરાંત પરિવારોને તેમનો હક્ક મળ્યો.

## આજીવિકા ને મજબૂત બનાવવા અને યુવા રોજગારી કાર્યક્રમો

મંચ તરીકે આપણે એક બાજુ અગરીયાઓને રણમાં પાણી, આરોગ્ય શિક્ષણ જેવી સેવાઓ મળે તેમતે પ્રયત્નશીલ છીએ, જ્યારે બીજી બાજુ અગરીયા યુવા યુવતીઓ ને બીજી રોજગારી ની તકો ખૂલે તે માટે તાલીમ અને રોજગારી કાર્યક્રમો પણ યોજી છીએ, જે થી કરીને આવનારી પેઢી માત્ર મીઠાની ખેતી પર જ નિર્ભર ન થાય.

આ માટે પાટડી, સાંતલપુર અને માળીયા મુકામે બહુહેતુક કેન્દ્ર ઊભા કરવામાં આવ્યા છે. રણ માં સેવા આપનાર વિવિધ વિભાગના સંકલન મિટિંગો અને તાલીમો પણ અહી કરવામાં આવે છે. તેની સાથે સાથે ઓફ  સીજન દરમ્યાન અગરીયાઓ આગેવાનોની તાલીમો, યુવા લોકો માટેની શિબિરો પણ અહીં થાય છે.

## <u>આવનારા દિવસોની જરૂરિયાત:-</u>

- બહુહેતુક કેન્દ્ર પર યુવાનો માટે લાયબ્રરી ઊભી કરવી અને તેમના માટે કરિયર માર્ગદર્શન શિબિરો યોજવા
- રણ શાળાના તમામ બાળકોને શૈક્ષણિક પ્રવાસ માં લઈ જવા જેથી કરીને તેઓ બહારની દુનિયા જુવે અને શિખે
- શિક્ષણ કાર્યક્રમની જેમ મહિલાઓ અને બાળકોમાં કુપોષણ દૂર કરવા એક કાર્યક્રમ હાથ ધરવો જોઈએ તેમાં જાગૃતિ કાર્યક્રમો, અને સરકારના આજના કાર્યક્રમો માં પૂરક ટેકો આપી અગરીયા સમુદાય માં બેનો અને બાળકોમાં દેખાતું કુપોષણ ને દૂર કરવા વિવિધ પ્રવૃત્તિ યોજાશે.  રણ માં આરોગી કાર્યકર નિમવા, તાલીમ, જાગૃતિ માટેનું સાહિત્ય, દવા, આંગણવાડી સુવિધા સાથે જોડાણ જેઈ મુખ્ય બાબત હશે.

જનપથ સંસ્થા તેમજ દાતાઓના સહયોગથી અગરીયા હિતરક્ષક મંચ અગરીયા સમુદાયના વિકાસ માટે કામ કરવાની તક મળી છે તેનો અમને ખૂબ આનંદ છે. આ કામમાં ભરતભાઇ સોમરા, ધનશ્યામભાઈ ઝુલા, મરુતભાઇ બારિયા, ધ્વનીતભાઈ પંડ્યા, પ્રવીણભાઈ પરમાર, આનંદભાઈ સોલંકી જેવા કાર્યકરો દિવસ રાત જોયાવગર કામ કરી રહી રહ્યા છે. કડકડતી ઠંડી અથવા 50 ડિગ્રી ની ગરમી માં આ કાર્યકરો થાક્યાવગર આ એક એક કામમાં સતત લાગેલા રહે છે.

રણમાં ધૂળની ડમરીઓ ઊડે, ક્યારેક વચ્ચે કમોસમી વરસાદ થાય, નર્મદાનું પાણી છોડવામાં આવે એટ્લે અગર ધોવાઈ જાય,  આવા અનેક પડકારો હોવા છ્તાં, અગરીયા સમુદાય અને કાર્યકરોની ઉત્સાહ, ધગશ અમને આગળ વધવા પ્રેરણા આપે છે.

==========================






SBI







